# કેજરીવાલ અને નજીબ જંગ વચ્ચે ખેંચતાણ ચરમસીમા પર

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને લેફ્ટી ગવર્નર નજીબ જંગ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ આજે ચરમસીમા ઉપર પહોંચી હતી. કારણકે, અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી સરકાર દ્વારા સપ્તાહમાં કરવામાં આવેલી તમામ અધિકારીઓની પોસ્ટિંગને નજીબ જંગે રદ કરી દીધી છે. કેજરીવાલને લખવામાં આવેલા પત્રમાં નજીબ જંગે કહ્યું છે કે, માત્ર તેમની પાસે જ આવી ટ્રાન્સફર અને પોસ્ટિંગ કરવા માટેની બંધારણીય સત્તા રહેલી છે. પોતાના પત્રમાં નજીબ જંગે એમપણ કહ્યું છે કે, નિમણૂંક અને ટ્રાન્સફરની સત્તા તેમની પાસે રહેલી છે જેમાં સ્ટેનોથી લઈને આઈએએસ અધિકારીઓનો સમાવેશ થાય છે. પત્રમાં નજીબ જંગે તેમના આદેશને નહીં પાળવા અધિકારીઓને આપવામાં આવેલા આમ આદમી પાર્ટી સરકારના આદેશને પણ પડકાર ફેંક્યો છે.

કોઈપણ અન્ય પ્રધાન અથવા મુખ્યમંત્રીની મંજુરી લીધા વગર તેમના આદેશો ન પાળવા અધિકારીઓને હાલમાં જ કેજરીવાલે કહ્યું હતું. અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગને લઈ વિખવાદ રાષ્ટ્રપતિના દરવાજા સુધી પહોંચી ગયો છે. ગઈકાલે જ કેજરીવાલ અને જંગ બન્ને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળ્યા હતા. આજે કેજરીવાલને વડાપ્રધાન મોદીને પત્ર લખીને આ અંગે જાણ કરી હતી. કેજરીવાલે ચુંટાયેલી સરકારની કામગીરીમાં દરમિયાનગીરી કરવાનો નજીબ જંગ ઉપર આક્ષેપ કર્યો છે. કેજરીવાલ સાથે મુખર્જી સાથે બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ગઈકાલે જ કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ સાથે અમારી ખૂબ સારી મીટિંગ રહી છે. એલજી દ્વારા મુખ્યમંત્રીની અવગણના કરીને નવા આદેશો જારી કરવામાં આવી રહ્યા છે. જો આજ પ્રક્રિયા જારી રહેશે તો લોકશાહીનું શું થશે. સિસોદિયા અને કેજરીવાલે માહિતી આપી હતી કે, તેમના વાંધા છતાં જંગ દ્વારા કાર્યકારી ચીફ સેક્રેટરી તરીકે ગામલીન નિમણૂંક કરવામાં આવી છે. અમે મોડેથી તેમના નામને મંજુરી આપી હતી. પરંતુ હવે જંગ સેક્રેટરીની નિમણૂંકમાં પણ દરમિયાનગીરી કરી રહ્યા છે. મંગળવારના દિવસે એએપી સરકારે અરવિંદ રાયની નિમણૂંક કરી હતી. પરંતુ મોડેથી આને લઈને પણ વિવાદ થયો હતો. ગામલીનને લઈને પણ વિવાદ થઈ ચુક્યો છે. સોમવારના દિવસે જંગે પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે રાજેન્દ્રકુમારની નિમણૂંક કરી હતી. મોડેથી દિલ્હી સરકારે આને લઈને પણ વાંધો ઉઠાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીવિધાનસભાની ચુંટણીમાં અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમીપાર્ટીએ જોરદાર સપાટો બોલાવીને શાનદાર જીત મેળવી હતી. એક તૃતીયાંશ બહુમતિ મેળવી હતી. પરંતુ ત્યારબાદથી કેજરીવાલ સામે એકપછી એક વિખવાદો રહ્યા છે. પહેલા એએપીમાં ખેંચતાણ રહી હતી હવે નજીબ જંગ સાથે ખેંચતાણ વધી ગઈ છે.

## બદલી મડાંગાઠ : કેજરીવાલે વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ દિલ્હીમાં અધિકારીઓની બદલીને લઈને હાલમાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમના પર આક્ષેપનો મારો ચાલી રહ્યો છે. ગઈકાલે દિલ્હીના લેફ્ટી.ગવર્નર નજીબ જંગ સાથે ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે રાષ્ટ્રપતિ સાથે વાતચીત કર્યા બાદ હવે કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્રમોદીને પત્ર લખીને કહ્યું છે કે નજીબ જગં મારફતે કેન્દ્ર સરકાર સીધી રીતે દિલ્હીને ચલાવવાના પ્રયાસ કરી રહી છે. મોદીને લખવામાં આવેલા પત્રમાં કેજરીવાલે કહ્યું છે કે બંધારણીય





જોગવાઈ હેઠળ એએપીના નેતૃત્વમાં દિલ્હી સરકારને પોતાની રીતે કામ કરવાની મંજૂરી આપવાની મોદીને વિનંતિ કરવામાં આવી છે. અગાઉ દિવસમાં નાયબ મુખ્યપ્રધાન મનીશ સિસોદિયા કામ કરવાની રીતને લઈને અધિકારીઓને મળ્યા હતા. બેઠકમાં કાર્યકારી ચીફ સેક્રેટરી શકુન્તલા ગામલીન અને તમામ વિભાગના સચિવો અને અધિકારીઓ હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને દિલ્હીના લેફ્ટી ગવર્નર નજીબજંગ ગઈકાલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળ્યા હતા અને એક બીજા સામે બંધારણનો ભંગ કરવાનો આક્ષેપ કર્યો હતો. કેજરીવાલે રાષ્ટ્રપતિ સમક્ષ અધિકારીઓની નિમણૂંક અને અન્ય એક પક્ષીય પગલા લેવાના લેફ્ટી ગવર્નરના વર્તનનો મુદ્દો ઉઠાવ્યો હતો. કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે, નજીબજંગ સરકાર ચલાવવાના પ્રયાસ કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ રાષ્ટ્રપતિ સાથે બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ સાથે સારી બેઠક રહી હતી. પાવર સેક્રેટરી શકુંતલા ગામલિનની નિમણૂંકના મુદ્દે પણ જંગ સાથે ખેંચતાણ થઈ રહી છે. બીજી બાજુ નજીબજંગે પણ રાષ્ટ્રપતિને મળીને પોતાની રીતે રજૂઆત કરી હતી અને કેજરીવાલ સરકારની બાબતો અંગે રજૂઆત કરી હતી. મામલો રાષ્ટ્રપતિ સમક્ષ પહોંચ્યો છે.

# એએપી નેતા સુરેન્દ્રસિંહને હાઈકોર્ટે ફટકારેલ નોટિસ

નવી દિલ્હી,તા.૨૦

આમ આદમી પાર્ટી માટે કાયદાકીય વિખવાદ અને મુશ્કેલીઓ સતત વધી રહી છે. હવે દિલ્હી હાઈકોર્ટે એએપીના ધારાસભ્ય સુરેન્દ્રસિંહ પર બનાવટી ડિગ્રી હાંસલ કરવાનો આક્ષેપ કર્યો છે. સાથે-સાથે આ ધારાસભ્યને નોટિસ ફટકારી છે. નોમિનેશન પેપરમાં શૈક્ષણિક લાયકાતની ખોટી જાહેરાત મુદ્દે તેની ચુંટણીને ફગાવી દેવાની માંગ કરીને ભાજપના નેતાની અરજીના જવાબમાં સુરેન્દ્રસિંહને નોટીસ ફટકારી છે. તેમનો જવાબ રજુ કરવા દિલ્હી કેન્ટ પ્રદેશથી એએપીના ધારાસભ્યને ચાર સપ્તાહની મેહતલ આપવામાં આવી છે. ભાજપના વરિષ્ઠ નેતા કરણસિંહ તંવર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં કોર્ટે આ મુજબનો આદેશ આપ્યો છે અને કહ્યું છે કે સિંહે ચુંટણી એફિડેવીટમાં ખોટી માહિતી પુરી પાડી હતી. તેઓ સિક્કીમ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયેલા છે. સિંહે દાવો કર્યો છે કે તેઓ ૨૦૧૨માં બેચલર ડિગ્રી મેળવી લેવામાં સફળ રહ્યા હતા. જોકે, સિક્કીમ યુનિવર્સિટીએ તેમના દાવાને ફગાવી દીધો છે.



આરટીઆઈ અરજીના જવાબમાં આ માહિતી બહાર આવી છે. કોર્ટે તેની સમક્ષ સિંહની શૈક્ષણિક લાયકાતની રજુઆત કરવા ચુંટણી પંચને પણ સુચના આપી છે. આરટીઆઈમાં સિક્કીમ યુનિવર્સિટીએ ડિગ્રીનો ઈન્કાર કરી દીધો છે.એએપીના ધારાસભ્ય કાયદાકીય સકંજામાં આવી ગયા છે. સિંહે આજે વાતચીત દરમિયાન કહ્યું હતું કે તેઓ કોર્ટમાં તમામ માહિતી આપશે અને વાસ્તવિક્તા સપાટી પર આવશે. ભાજપને ફરી ફટકો પડશે અને તેઓ નિર્દોષ બહાર આવશે. અરવિંદ કેજરીવાલના કેબિનેટ પ્રધાન જીતેન્દ્રસિંહ તોમર ઉપર પણ બનાવટી ડિગ્રી મેળવવાનો આક્ષેપ અગાઉ થયો હતો. બિહારની તિલક માંજી ભાગલપુર યુનિવર્સિટીએ દિલ્હી હાઈકોર્ટમાં ગયા મહિનામાં કહ્યું હતું કે, તોમરના પ્રમાણપત્ર બનાવટી છે. સંસ્થાના રેકોર્ડમાં તેમના કોઈ કાગળ નથી. તોમરે દાવો કર્યો હતો કે આ યુનિવર્સિટીમાંથી તેઓ કાયદામાં શિક્ષણ મેળવી ચુક્યા છે. તિલકમાંજી યુનિવર્સિટીએ કહ્યુંહતુંકે, તેમના તપાસ અહેવાલમાં એવી બાબત સપાટી પર આવી છે કે, પ્રોવીઝનલ સર્ટીફીકેટની સંખ્યા જુદા નામ સાથે છે.

## સુનંદા કેસ : ત્રણ શકમંદોના પોલીગ્રાફ ટેસ્ટની લીલીઝંડી

નવી દિલ્હી,તા.૨૦

ટ્રાયલ કોર્ટે સુનંદા પુષ્કરના મામલામાં વધુ તપાસને આગળ વધારી છે. સુનંદા પુષ્કર હત્યા કેસમાં ત્રણ શકમંદો ઉપર કરવામાં આવનાર પોલીગ્રાફ ટેસ્ટની માંગ કરતી દિલ્હી પોલીસની અરજીને મંજુરી આપી દીધી છે.જેના પરિણામ સ્વરૂપે ત્રણ શકમંદો ઉપર હવે પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવનાર છે. પોલીસે આ કેસમાં સાક્ષી તરીકે અગાઉ ત્રણ શકમંદોના નામ આપ્યા હતા. જે ત્રણ લોકોના લાઈ ડિટેક્ટર ટેસ્ટ થનાર છે તેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરૂરના નોકર નારાયણસિંહ, થરૂરના ડ્રાઈવર બજરંગી અને તેમના પરિવારના મિત્ર સંજય દિવાનનો સમાવેશ થાય છે. મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ સુનિલકુમાર શર્માએ પોલીસની અરજીને મંજુરી આપી દીધી છે.અગાઉ ત્રણ આરોપીઓ કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા અને કહ્યું હતું કે જો તેમના ઉપર પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવશે તો તેમને વાંધો નથી. થરૂરની આ કેસના સંદર્ભમાં અગાઉ ત્રણ વખત પૂછપરછ થઈ ચુકી છે. ગયા વર્ષે સુનંદા પુષ્કર તેમના હોટલ રૂમમાં મૃત હાલતમાં મળી આવી હતી. તેના એક દિવસ પહેલાં જ શશી થરૂર સાથે કથિત પ્રેમ પ્રકરણને લઈને ટ્વીટર પર પાકિસ્તાની પત્રકાર સાથે મેહર તરાર અને સુનંદા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તપાસકારો સુનંદાના શરીરમાં ક્યા પ્રકારના ઝેરના લક્ષણો હતો તે જાણવા ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનના અહેવાલની રાહ જોઈ રહી છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં તેમના વીસકારા સેમ્પલ વોશિંગ્ટનમાં એફબીઆઈ લેબમાં મોકલવામાં આવ્યા હતા. અગાઉ એમ્સે કહ્યું હતું કે, ભારતીય લેબમાં આ ઝેરના લક્ષણો શોધી શકાય તેમ નથી. પોલીસને હજુ સુધી આ અહેવાલ એફબીઆઈ પાસેથી મળ્યો નથી.

# અમેઠીમાં પ્રોજેક્ટો રોકવા મોદી સરકાર ઉપર આક્ષેપ

અમેઠી,તા. ૨૦

મોદી સરકારની જોરદાર ઝાટકણી કાઢતાં કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે, તેમના મત વિસ્તારમાં વિકાસની યોજનાઓના અમલીકરણમાં અડચણો ઉભી કરીને તેમને હેરાન કરવાના પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. સરકારે તેના પગલાથી ગરીબો અને ખેડૂતોના હિતોને નુકશાન પહોંચાડ્યું છે. અમેઠીની તેમની ત્રણ દિવસની યાત્રાને સમેટી લેતા કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ મોદી પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, શુટ બુટ કી સરકાર માત્ર થોડાક ઉદ્યોગપતિઓની જ છે ગરીબોની નથી. કેન્દ્ર સરકાર અમેઠી કે સાથ ગલત વ્યવહાર કર રહી હૈ, મૈંને કહા હૈ આપ મુઝસે બદલા લેના ચાહતે હૈં તો લેં કોઈ પ્રોબ્લમ નહીં હૈ. લેકિન કિસાનોં કી તરફ સરકાર ધ્યાન દેં. ગરીબો અને ખેડૂતોને નુકશાન કરવાની જરૂર નથી. તમામ પક્ષોના ચુંટાયેલા પ્રતિનિધિઓ ફરીયાદ કરી રહ્યા છે કે, કેન્દ્ર પ્રધાનમંત્રી ગ્રામ



સડક યોજના, ઈન્દિરા આવાસ યોજના અને અન્ય સ્કિમમાં સહકાર કરી રહી નથી. અમેઠીમાં તેમની યાત્રાના ત્રીજા અને અંતિમ દિવસે વીજીલન્સ અને મોનીટરિંગ કમિટીની બેઠકમાં હાજરી આપી હતી. બે કલાક સુધી આ બેઠક ચાલી હતી. રાહુલે કહ્યું હતું કે, તપાસ છેલ્લા ૫ વર્ષમાં કામગીરીના આધારે થવી જોઈએ. અમેઠીની અવગણના થઈ રહી છે. ફુડપાર્ક અને અન્ય વિકાસની યોજના પર ધ્યાન અપાઈ રહ્યું નથી. અગાઉ કહેલી વાતનો આજે તે પુનરોચ્ચાર કરે છે. રાહુલે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને પત્ર લખીને અમેઠીમાં મેગા ફુડ પાર્ક પ્રોજેક્ટને ફરી સજીવન કરવાની પણ માંગ કરી છે. રાહુલે મનરેગા, સિંચાઈ હેઠળ કરવામાં આવેલા કામની પ્રશંસા કરી હતી. મનરેગામાં લોકોની નોંધણીને લઈને ભેદભાવની નીતિ રહેલી છે. રાહુલે નિયમિત રીતે આવી બેઠક યોજવા જિલ્લા અધિકારીઓને કહ્યું હતું. મોદી સરકારના હાલના સુચનોની વ્યાપક ટિકા ચારેયબાજુ થઈ રહી છે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, સરકારની નીતિઓ માત્ર થોડાક કોર્પોરેટ લોકોને જ ફાયદો કરાવી રહી છે. મજુરો,ખેડૂતોએ દેશનું નિર્માણ કર્યું છે પરંતુ સરકારને તેમની પડી નથી.

## દાઉદ પાકિસ્તાનમાં આઈએસઆઈના છત્ર હેઠળ : હેવાલમાં દાવો

નવી દિલ્હી,તા.૨૦

ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાં આઈએસઆઈના સુરક્ષિત અડ્ડામાં રહે છે. પાકિસ્તાનની ઈન્ટેલીજન્સ સંસ્થા આઈએસઆઈ દ્વારા તેને પુરતી સુરક્ષા આપવામાં આવી રહી છે. ઈન્ડિયન ઈન્ટેલીજન્સ સંસ્થાઓએ દાઉદ ક્યાં છે તે અંગે માહિતી મેળવી લીધી છે. દાઉદ હાલમાં પાકિસ્તાનમાં મુરી રોડ ખાતે રહે છે. વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરીયલ બ્લાસ્ટ કેસમાં ભારત દ્વારા દાઉદ વોન્ટેડ છે તે કરાંચી અને ઈસ્લામાબાદમાં અગાઉ લાંબા સમય સુધી રહી ચુક્યો છે. દાઉદ અને તેના પરિવારના સભ્યો પાકિસ્તાની પાસપોર્ટ ધરાવે છે. દાઉદ પાસે પાકિસ્તાન દ્વારા જારી કરવામાં આવેલા ત્રણ પાસપોર્ટ છે, જેના નંબર જી-૮૬૬૫૩૭, સી-૨૬૭૧૮૫ અને કેસી-૨૮૫૯૦૧ છે. દાઉદને અમેરિકા દ્વારા પણ આતંકવાદી જાહેર કરાયેલો છે. અલકાયદા ત્રાસવાદી સંગઠન સાથે તે સાંઠગાંઠ ધરાવે છે. વર્ષ ૧૯૯૨-૯૩ વચ્ચે તે કોઈ જગ્યાએ રેકોર્ડમાં દેખાયો નહતો. થોડાક સમય સુધી મુંબઈ બ્લાસ્ટ બાદ તે અખાત દેશમાં સ્થાયી થઈ ગયો હતો. સુત્રોનું કહેવું છે કે, તે હકીકતમાં પાકિસ્તાનમાં જ સ્થાયી થયેલો છે. ભારત સરકાર તરફથી હાલમાં તેના ઉપર ખૂબ જ દબાણ વધારી દેવાયું છે. દાઉદ ઈબ્રાહીમ ક્યાં છે તેને લઈને વિવાદાસ્પદ નિવેદનના મુદ્દે ભારત સરકારની વ્યાપક ટીકા થઈ રહી છે. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ પાંચમી મેના દિવસે કહ્યું હતું કે, ઈન્ડિયન ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દાઉદના સ્થળ અંગે બિલકુલ વાકેફ નથી. જોકે, હવે ઈન્ડિયન ઈન્ટેલીજન્સ સંસ્થાઓએ દાઉદ ક્યાં છે તે અંગે સંપૂર્ણપણે માહિતી મેળવી લીધી છે. તેના સરનામા અંગે પણ માહિતી મેળવી લીધી છે. દાઉદ પાકિસ્તાનમાં કઈ જગ્યાએ રહે છે તેનું સરનામું પણ આપવામાં ઈન્ડિયન ઈન્ટેલીજન્સ સંસ્થાએ સફળ રહી છે. હવે ભારત આગામી સમયમાં કયા પગલા લે છે તે બાબત મહત્વપૂર્ણ છે.

**૨૬મી મેના દિવસે એનડીએ સરકારની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરવાના પાસા પર ચર્ચા-વિચારણા**

# સરકારના બધા પગલાથી લોકોને માહિતગાર કરવા મોદીની સુચના

નવી દિલ્હી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોના ઐતિહાસિક પ્રવાસથી પરત ફર્યાબાદ આજે સવારે જ પ્રધાનો સાથે બેઠકમાં વ્યસ્ત થઈ ગયા હતા. મોદી સરકાર સત્તામાં ૨૬મીએ એક વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે આ સંબંધમાં પ્રધાનો સાથે સવારમાં સાત રેસકોર્સ રોડ આવાસ પર બેઠક શરૂ થઈ હતી. જેમાં ટોચના પ્રધાનો હાજર રહ્યા હતા.બેઠકમાં અરૂણ જેટલી, રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, વૈંકૈયા નાયડુ અને નિતિન ગડકરી ઉપસ્થિત રહ્યા હતા. મળેલી માહિતી મુજબ, ૨૬મી મેના દિવસે એનડીએ સરકારની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી સંબંધિત પાસા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ભાજપ પ્રમુખ અમિત શાહ પણ વાર્ષિક ઉજવણીના સંદર્ભમાં વડાપ્રધાનને મળ્યા હતા. મોદીએ છેલ્લા એક વર્ષ દરમિયાન સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે સંદેશો તમામ સુધી પહોંચાડવા પક્ષના નેતાઓ અને પ્રધાનોને સુચના આપી હતી. ખાસ કરીને સોશિયલ સેક્ટરમાં લેવામાં આવેલા પગલા અંગે લોકોને માહિતી આપવા મોદીએ કહ્યું હતું. એક વર્ષની ઉજવણીના સંબંધમાં વ્યપાક ચર્ચા શરૂ કરવામાં આવી હતી. મોદી ચીન, મંગોલિયા અને દક્ષિણ કોરિયાની યાત્રાથી મંગળવારે મોડી રાત્રે પરત ફર્યા હતા. મોદી ત્રણ દેશોના પ્રવાસે ગયા હતા. જેમાં સૌથી પહેલા તેઓ ચીનમાં ગયા હતા. જ્યા તેઓએ પ્રમુખ શિ ઝિનપિંગ, વડાપ્રધાન લી અને ચીની સીઈઓ તેમજ ભારતીય સમુદાયના લોકો સાથે વાતચીત કરી હતી. ચીન સાથે અનેક કરારો કરવામાં આવ્યા હતા. નરેન્દ્ર મોદી ત્રણ દેશોના તેમના ઐતિહાસિક પ્રવાસના બીજા તબક્કામાં મોંગોલિયા પહોંચ્યા હતા. મોદી મોંગોલિયા પહોંચ્યા બાદ મોદીએ મોંગોલિયાની સંસદને ઐતિહાસિક સંબોધન કર્યુ હતું જેમાં મોદીએ બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાની વાત કરી હતી. આઅગાઉ તેમના નેતૃત્વમાં ભારત અને મોંગોલિયા વચ્ચે ૧૪ સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પ્રવાસના ત્રીજા તબક્કામાં મોદી દક્ષિણ કોરિયા પહોંચ્યા હતા. ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે સાત દ્વિપક્ષીય સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ખાસ વ્યૂહાત્મક ભાગીદારીની નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે આ સમજૂતિ કરવામાં આવી હતી. આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણ કોરિયાના પ્રમુખ પાર્ક ગુએન હાઈની સાથે રાષ્ટ્રપતિ ભવન ચેઓંગ વાઈ દેઈમાં જુદા જુદા વિષયો ઉપર શિખર મંત્રણા કરી હતી. આ વાતચીત દરમિયાન દ્વિપક્ષી સંબંધોને વધુ મજબૂત કરવા, વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવાના મુદ્દા છવાયેલા રહ્યા હતા. બંને દેશો વચ્ચે જે સાત સમજૂતિ થઈ હતી મોદીની ત્રણ દેશોની યાત્રાને નિષ્ણાંતો ખુબ મહત્વપૂર્ણ ગણી રહ્યા છે.યાત્રાની સાનુકુળ અસર ટુંકમાં દેખાય તેવી વકી છે.

## સંજય જોશીના નિવાસે પાણી અને વીજના કનેક્શન કપાયા

નવી દિલ્હી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કટ્ટર વિરોધી ગણાતા ભાજપના વરિષ્ઠ નેતા સંજય જોશીના મકાન પર વીજળી અને પાણીના કનેક્શન કાપી નાંખવમાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. જોશી નોર્થ એવેન્યુમાં સાંસદોને મળનાર એક ફ્લેટમાં રહે છે. જો કે જોશી હાલના દિવસોમાં દિલ્હીમાં નથી. આવી સ્થિતીમાં તેમને ફોન કરવામાં આવતા કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. ખાસ બાબત એ છે કે છેલ્લા કેટલાક મહિનાથી સંજય જોશીને લઈને કેટલાક વિવાદો આવતા રહ્યા છે. થોડાક દિવસ પહેલા તેમના જન્મદિવસે શુભેચ્છા આપતા એવા ફોટા મુકવામાં આવ્યા હતા જેમાં મોદી સરકારના કેટલાક પ્રધાનોના નામથી શુભેચ્છા આપવામાં આવી હતી. જેથી આ તમામ પ્રધાનોને સ્પષ્ટતા કરવી પડી હતી. એક પ્રધાનને તો તેમના એક કર્મચારીની હકાલપટ્ટી કરવાની ફરજ પડી હતી. ત્યારબાદ મોદી અને જોશીવાળા હોર્ડિંગ દિલ્હીમાં ભાજપ ઓપિસની બહાર મુકવામાં આવ્યા હતા. જેમાં મોદીને કહેવામાં આવ્યું હતુ કે જો તેઓ પાકિસ્તાન સાથે વાત કરે છે તો ભાજપના જ એક નેતા સાથે કેમ નહી. જો કે વીજળી અને પાણીના કનેક્શન કાપી દેવાના સંબંધમાં કોબિાબત સપાટી પર આવી નથી. પરંતુ જોશીના કેટલાક સમર્થકો માની રહ્યા છે કે તેમને હેરાન કરવાના ઈરાદાથી આવુ કરવામાં આવ્યું છે. આ સંબંધમાં જ્યારે જોશી સાથે વાતચીત થઈ ત્યારે તેઓએ કહ્યું હતું કે તે હાલમાં ગોરખપુરમાં છે. દિલ્હી આવ્યા બાદ વાત કરશે. મોદી અને સંજય જોસી વચ્ચે ખેંચતાણ ખુબ જુની છે. નિતિન ગડકરીએ પાર્ટી પ્રમુખ તરીકે જ્યારે જોશીને ઉત્તરપ્રદેશ ચૂંટણી પ્રભારી બનાવી દેવાતા મોદીએ પાર્ટીની કોઈ પણ કારોબારીમાં હાજરી આપી ન હતી. છેલ્લે જોશીનુ રાજીનામુ લઈ લેવામાં આવ્યું હતુ.

**વર્ષ ૨૦૧૬માં વિકાસ દર ૭.૭ ટકા થઇ જશે**

# ભારતનો આર્થિક વિકાસ દર ચીન કરતા વધુ થશે : હેવાલ

નવી દિલ્હી,તા. ૨૦

સંયુક્ત રાષ્ટ્રદ્વારા જારી કરવામાં આવેલા એક નવા અને વિસ્તૃત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતનો આર્થિક વિકાસ દર ચીનના વિકાસ દર કરતા વધારે થઈ જશે. ભારતનો જીડીપી ગ્રોથ રેટ ચીન કરતા વધારે રહેશે તેના દાવાથી કેન્દ્રમાં મોદી સરકારને વધુ એક મોટી રાહત મળી છે. સાથે સાથે વિરોધીઓને ફટકો પણ પડી રહ્યો છે. ભારતની સતત સુધરી રહેલી સ્થિતી અંગે વધુ એક અહેવાલ જારી કરવામાંઆવ્યોછે. રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૬માં ભારતનો જીડીપી વિકાસ દર ૭.૭ ટકા રહી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુંછે કે ભારતની મદદથી દક્ષિણ એશિયામાં પણ આર્થિક વિકાસ દરની ગતિ વધારે ઝડપી બની જશે. સંયુક્ત રાષ્ટ્રની મધ્યઅવધિ -વિશ્વ આર્થિક સ્થિતી અને શક્યતા અંગે અહેવાલ જારી કરવામાં આવ્યો છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં અર્થવ્યવસ્થાનો વિકાસ દર આ વર્ષે ૭.૬ટકા રહેશે અને વર્ષ ૨૦૧૬માં આ વધીને સાત ટકા સુધી પહોંચી જશે. આ રીતે વિકાસ દર અથવા તો જીડીપી ગ્રોથ રેટના મામલે તે ચીનને ઓવરટેક કરી લેશે. ચીનો જીડીપી ગ્રોથ રેટ વર્ષ ૨૦૧૫માં સાત ટકા અને આગામી વર્ષે ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુંછે કે દક્ષિણ એશિયામાં આર્થિક સ્થિતી મજબુત બનસે. તેમાં કહેવામાં આવ્યુંછે કે મોટા ભાગના અર્થતંત્ર વર્ષ ૨૦૧૫-૧૬માં મજબુત વિકાસ દર હાંસલ કરશે. સ્થાનિક વપરાશ વધવા અને રોકાણ વધવાના કારણે અર્થતંત્રમાં જોરદાર તેજી આવશે.

# વારાણસી સાડી બ્રાન્ડને વિશ્વના નક્શા પર મુકવાના પ્રયાસ

**મોદી ઇફેક્ટના કારણે વારાણસી સાડીઓની ગુમ થયેલી પ્રતિષ્ઠા ફરી હાંસલ કરવા ટોચના ફેશન ડિઝાઈનરો મેદાનમાં**

વારાણસી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલના કારણે હવે કોઈ સમય ભારે સન્માન ધરાવનાર અને લોકપ્રિય વારાણસીની સાડીઓમાં નવા રંગ ભરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વારાણસીને ફરીથી વિશ્વના નકશા પર સ્થાપિત કરવાના પ્રયાસ કરવામા આવી રહ્યા છે. વડાપ્રધાનના પ્રયાસના કારણે વારાણસીની ઓળખ રહેલી સાડીઓમાં નવા રંગ પુરવામાં આવી રહ્યા છે. દેશના ટોપના ફેશન ડિઝાઈનરો હવે આગળ આવી રહ્યા છે. આ ડુઝાઈનરો વણકરોના જુદા જુદા જુથની સાથે મળીને વારાણસી સિલ્ક સાડિયાઓની ખાસ ડિઝાઈન પર કામ કરવા લાગી ગયા છે. આ સાડીને દેશ વિદેશના જુદા જુદા સ્ટોર્સ પર ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ યોજના ભાજપના નેતા અને ડિઝાઈનર શાઈના દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેમની યોજનાના મૂળમાં વડાપ્રધાન મોદીના સ્વપ્ન છે. જે વારાણસીના લોકો માટે જોઈ રહ્યા છે.

વારાણસીની સિલ્ક સાડીને હવે હાલના ફેશનની સાથે જોડીને તેને નવા રૂપમાં લાવવાની હિલચાલ શરૂ થઈ ચુકી છે. વારાણસી સિલ્ક સાડી બજારમાં ભારે માંગ ધરાવે છે. હાલના સમયમાં ચીન અને જાપાનમાંથી આવનાર સિલ્કની બોલબાલા વધારે દેખાઈ રહી છે. વર્તમાન સમયમાં વારાણસીના વણકરો અને હેન્ડીક્રાફટના બજારમાં ચીનમાંથી આવનાર સિલ્કની હિસ્સેદારી ૬૦ટકા સુધી પહોંચી ગઈ છે. ચીનના સિલ્કની કિંમત ઓછી હોવાથી તેની માંગમાં વધારો થયો છે. એકબાજુ ભારતીય કોકુન સિલ્કની કિંમત ૧૬૦૦ રૂપિયા છે જ્યારે ચીનની આયાત કરતી સિલ્કની કિંમત ૧૪૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. સાઈનાની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ભારતીય ફેશનમાં તેને ફરી લોકપ્રિય બનાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.ભારતના ટોપના ફેશન ડિઝાઈનરો આમાં સક્રિય રસ લઈ રહ્યા છે. સાઈનાની વાત માનવામાં આવે તો ભારતીય ફેશનની ટોચની હસ્તીઓ મનીષ મલ્હોત્રા, અબુ જાની, રિતુકુમાર, રીના ઢાકા, રાહુલ જૈન, વરુણ બહલ, અનીતા ડોંગરે તમામ આ યોજનામાં સામેલ થવાની સહમતિ આપી ચુક્યા છે. આ ડિઝાઈનર્સ વારાણસીના જુદા-જુદા વણકર જુથ સાથે મળીને કામ કરનાર છે. આ ડિઝાઈનર્સ વણકરોને રંગના તાલમેલ અને ડિઝાઈન સાથે સંબંધિત માહિતી આપશે. વારાણસીમાં આ યોજનાને સફળ બનાવવા માટે ડિઝાઈનર્સ અન્ય રાજ્યો જેમ કે મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોની લોકપ્રિય સાડીઓને પણ તક આપશે. અત્રે નોંધનીય છે કે, નવેમ્બર મહિનામાં વારાણસીના પ્રવાસ પર પહોંચેલા વડાપ્રધાન મોદીએ ૧૬ નુકશાનમાં ચાલી રહેલી સહકારી બેંકો માટે ૨૩૭૫ કરોડ રૂપિયાની પેકેજની જાહેરાત કરી હતી. સાથે-સાથે અન્ય ઘણી રાહતો પણ જાહેર કરી હતી. સાઈનાનું કહેવું છે કે, માત્ર સરકારના ભરોસે રહી શકાય નહીં. આ ક્ષેત્રમાં હજારથી વધારે સ્થાનિક લોકોને રોજગારી મળે તેવી પણ શક્યતા છે.